પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૩૨ | ૧૩ ફેબ્રુઆરી, ૨૦૧૭, સોમવાર ; મહા વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### રાહુલની રેલીમાં ભાજપના ઝંડા



હરદ્વારમાં રાહુલ ગાંધીના રોડ-શૉ માં હજારો કાર્યકરો જોડાયા હતા. પરંતુ એક વિસ્તારમાં ભાજપના કાર્યકરો ઝંડા લઈ પહોંચ્યા હતા અને 'મોદી-મોદી'ના નારા લગાવ્યા હતા - રાહુલે સમયસર સૌને આવકાર્યા હતા.

### સપાના ઉમેદવારનું અવસાન

ઉત્તરપ્રદેશના આંબેડકર નગરની આલાપુર બેઠકના સમાજવાદી પક્ષના ઉમેદવારનું અવસાન થતાં બેઠકની ચૂંટણી મુલત્વી રહેવાની સંભાવના વધી છે.

### ભગવાનપુરમાં ભાભી-દિયર આમને-સામને



ઉત્તરાખંડના ભગવાનપુર બેઠક પર ભાભી-દિયર વચ્ચે જંગ જામ્યો છે. કોંગ્રેસ તરફથી ભાભી મમતા રાકેશ સામે ભાજપના સુબોધ રાકેશ જંગમાં છે. થોડાક સમય પૂર્વે અવસાન પામેલ બસપાના ધારાસભ્ય સુરેશ રાકેશના વારસદાર તરીકે બન્ને લડે છે.

### તમીલનાડુના કૃષિમંત્રી લાપત્તા

તમીલનાડુના કૃષિમંત્રી આર.



દુરાઈકન્નુ લાપતા થયા છે. તેઓના લાપત્તા થવાની ફરિયાદ નોંધવામાં આવી છે જેમાં મુખ્યમંત્રી બનવા થનગની રહેલા શશીકલાએ વિવિધ મંત્રીઓને ગાયબ કર્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યા છે.

### ઓનલાઈન શોપીંગ વેબસાઈટ્સે જીએસટીનો વિરોધ કર્યો

ઓનલાઈન રીટેલ કંપનીઓમાં જાણીતી એવી ફલીપકાર્ટ, સ્નેપડીલ અને એમેઝોને જીએસટીના કાયદાને ડ્રાફ્ટની રીતે ટેક્સ કાપવાના નિયમો પર ચિંતા વ્યક્ત કરી છે.




# ઉત્તરાખંડ-કાશ્મીરમાં ફરી ભૂકંપ

### ૩.૨ની તીવ્રતાનો હળવો આંચકો અનુભવાયો : દિલ્હી-એનસીઆરમાં પાંચથી વધુની તીવ્રતાના આંચકાના એક સપ્તાહ બાદ જ ફરી ભૂકંપથી અભ્યાસ પ્રક્રિયા તીવ્ર



શ્રીનગર,તા. ૧૨

ઉત્તરાખંડના ગડવાલ પ્રદેશ તથા જમ્મુ કાશ્મીરના જુદા જુદા ભાગોમાં ભૂકંપનો હળવો આંચકો અનુભવાયો છે. જો કે, આના લીધે જાનમાલના નુકસાનના કોઈ અહેવાલ મળ્યા નથી. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ ઉપર ૩.૨ જેટલી આંકવામાં આવી છે. હાલમાં જ ભૂકંપના આંચકા દેશના અન્ય ભાગોમાં પણ અનુભવાઈ ચુક્યા છે. આ સપ્તાહની શરૂઆતમાં રિક્ટર સ્કેલ ઉપર ૫.૮ની તીવ્રતા સાથે આંચકો આવ્યો હતો જેના લીધે ઉત્તરાખંડ હચમચી ઉઠ્યું હતું. ઉત્તરાખંડ, દહેરાદૂન અને રાષ્ટ્રીય પાટનગર પ્રદેશમાં આશરે ૩૦ સેકન્ડ સુધી આંચકો અનુભવાયો હતો. ઉત્તર ભારતમાં પણ આ આંચકાની અસર રહી હતી. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ)ની બે ટીમો રુદ્રપ્રયાગ પહોંચી ગઈ હતી. અહીં રાહત અને બચાવ કામગીરી ઉપર ધ્યાન આપવામાં આવ્યું હતું. તાજેતરના સમયમાં ઉત્તર ભારતના જુદા જુદા રાજ્યોમાં ભૂકંપના આંકડા આવી ચુક્યા છે. આમા અભ્યાસની પ્રક્રિયા હાથ ધરાઈ છે. ઉત્તરાખંડ અને જમ્મુ કાશ્મીરમાં નોંધાયેલા આંચકાનું કેન્દ્ર ક્યાં હતુ તે અંગે તંત્ર તરફથી હજુ

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તરપ્રદેશમાં આજે બીજા તબક્કાની ચૂંટણી પ્રચારનો અંત

### બીજા તબક્કામાં ૧૫મીએ મતદાન યોજાશે : ૧૧ જિલ્લાઓની ૬૭ બેઠકો પર મતદાન : મોદી, અમિત શાહ, રાહુલ, અખિલેશ દ્વારા તીવ્ર પ્રચાર



લખનૌ,તા. ૧૨

ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કા માટે આવતીકાલે ચૂંટણી પ્રચારનો અંત આવશે. બીજા તબક્કામાં ૬૭ વિધાનસભા મત વિસ્તારમાં મતદાન થશે. ૧૧ જિલ્લાઓને આવરી લેવામાં આવશે. આ મતવિસ્તારમાં મતદાન ૧૫મી ફેબ્રુઆરીના દિવસે યોજાશે. જે ૧૧ જિલ્લાઓમાં મતદાન યોજાનાર છે તેમાં સહારનપુર, બિજનોર, મુરાદાબાદ, સંભાલ, રામપુર, બરેલી, અમરોહા, પીલીભીંત, ખેરી, શહાજહાનપુર, બદાયુનો સમાવેશ થાય છે. ૬૭ બેઠકો ઉપર સમાજવાદી પાર્ટીની પ્રતિષ્ઠા દાવ ઉપર લાગેલી છે. વર્ષ ૨૦૧૨માં સમાજવાદી પાર્ટીએ ૩૪ બેઠક જીતી હતી. જ્યારે બહુજન સમાજ પાર્ટીએ ૧૮, ભાજપે ૧૦, કોંગ્રેસે ત્રણ અને અન્યોને બે બેઠકો મળી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ, સમાજવાદી પાર્ટી-કોંગ્રેસ ગઠબંધન તરફથી અખિલેશ યાદવ અને રાહુલ ગાંધી આક્રમક પ્રચારમાં લાગેલા છે. સંબંધિત

● અનુસંધાન પાન-૭ પર

# પનીરસેલ્વમ સાથે વધુ ૩ સાંસદો જોડાયા

### બળવાનું રણશિંગુ ફુંકનારને વધુ તાકાત મળી : રાજ્યપાલ તરફથી આમંત્રણનો શશીકલાને ઇંતેજાર

ચેન્નાઈ,તા. ૧૨

કઠપુતળી મુખ્યમંત્રી તરીકેની છાપમાંથી બહાર નિકળીને બળવાનું રણશીંગૂ ફુંકના તમિલનાડુના કારોબારી મુખ્યમંત્રી પનીરસેલ્વમનું કદ દિન પ્રતિદિન મજબૂત થઈ રહ્યું છે. તેમના સમર્થનમાં ત્રણ વધુ સાંસદો મેદાનમાં આવી ગયા છે. બીજી બાજુ શશીકલા કેમ્પ હજુ પણ રાજ્યપાલ દ્વારા સરકાર બનાવવા માટેના આમંત્રણને લઈને ઇંતેજારમાં છે. પનીરસેલ્વમને વધુ ત્રણ સાંસદોનું સમર્થન મળી ગયું છે. સાથે સાથે અભિનેતા અને પૂર્વ સાંસદ રામારાજન પણ પનીરસેલ્વમની સાથે દેખાઈ રહ્યા છે. તેમણે કહ્યું છે કે, પનીરસેલ્વમ એમજીઆરના રસ્તા ઉપર આગળ વધી રહ્યા છે. તમિળનાડુમાં રાજકીય ઉથલપાથલનો દોર જારી રહ્યો છે. આજે પાર્ટી સાંસદ બી સેગુત્તુવન, જયસિંહ ત્યાગરાજ નટર્જી અને આરપી મરથુરાજા પનીરસેલ્વમના આવાસ ઉપર પહોંચ્યા હતા. વરિષ્ઠ નેતા અને પૂર્વ મંત્રી વિજય લક્ષ્મી પલાનીસામી પણ પનીરસેલ્વમને પોતાનું સમર્થન આપવાની ખાતરી આપી ચુક્યા છે. પાર્ટીના કાર્યકરો અને સાંસદોએ પનીરસેલ્વમના આવાસ ઉપર તેમનું સન્માન કર્યું હતું. બીજી બાજુ શશીકલા સમર્થકોએ પનીરસેલ્વમની સામે જોરદાર નારાબાજી કરી હતી. આ અગાઉ શનિવારના દિવસે રાજ્યના શિક્ષણમંત્રી પંડ્યારાજન, નમક્કલ સાંસદ પીઆર સુંદરમ, કૃષ્ણાગીરીના સાંસદ અશોકકુમાર પણ પનીરસેલ્વમની તરફેણમાં વાત કરી ચુક્યા છે. હજુ સુધી અન્નાદ્રમુકના સાત સાંસદો પનીરસેલ્વમની સાથે આવી ચુક્યા છે. રામારાજન પણ તેમની સાથે આવી ચુક્યા છે. પનીરસેલ્વમ અમારા નેતા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર







